# ૯.૩ તીર્થના આચારો

તીર્થ શબ્દ પવિત્રતા અને પ્રસન્નતા વગેરે અર્થમાં પણ વપરાયેલો છે. સમગ્ર પૃથ્વી ઉપર તીર્થભૂમિ જેટલી પવિત્રભૂમિ બીજી કોઈ ગણાવાઈ નથી.

## આચારો શા માટે?

આપણું જીવન વિવિધલક્ષી છે. ઘરમાં દુકાન / ઓફિસનો ડ્રેસ પહેરીને રહેતા નથી તો ઓફિસમાં નાઈટ ડ્રેસ પહેરતા નથી, મોટા અધિકારી પુરુષો સાથે સભ્યતાથી વાત કરીએ છીએ તો કોર્ટ – કચેરીમાં લગ્ન ગીતો ગવાતાં નથી.દરેક સ્થળના ચોક્કસ આચારો દરેક વ્યક્તિએ પાળવાના જ હોય છે.

## આચારો નું મહત્વ.

તીર્થ સ્થાનએ મનને પ્રફુલ્લિત કરવાનું અને આત્મશાંતિ પ્રાપ્ત કરવાનું અજોડ નૈસર્ગિક સ્થળ છે. મનની પ્રસન્નતા કે આત્મભાવોની પ્રાપ્તિ તીર્થ સ્થાનોની પવિત્રતા સાથે જોડાયેલી છે અને તે તે સ્થાનોની પવિત્રતા આપણી આચાર ચુસ્તતા કે આચારસંહિતા સાથે જોડાયેલી છે.

ખરેખર તીર્થભૂમિ એ આપણી આત્મભૂમિનો જ એક ભાગ છે. તીર્થભૂમિની પવિત્રતા આપણી આત્મભૂમિની પવિત્રતા રૂપ છે. ત્યારે દુનિયાના તીર્થ સ્થળોનો નૈસર્ગિક આનંદ પ્રાપ્ત કરાવા નીચેના આચારો અવશ્ય પાળવા.

## આચારો

૧ તીર્થ સ્થાનોએ જતાં સંસાર સંબંધી કોઈ ધ્યેય કે વિચાર ન રાખવો.

૨ તીર્થ સ્થળો–મંદિરોમાં સંસારની ઉપાધિઓ, સંબંધો કે ધનચિંતાની કોઈજ વાતચીતો ન કરવી.

૩ મંદિર કે જિનાલયમાં પરમાત્મા પાસે ખુબજ નમ્રતાપૂર્વક બધા જ અધિકારો, અહં, છોડી સાચા અને સંપૂર્ણ માનવ બનવાની કોશિશ કરવી.

૪ તીર્થની આજુ બાજુની ભૂમિ ઉપર ગંદકી ન કરવી, કચરો ન નાખવો, અને કોઈ પણ વ્યસનનું સેવન ન કરવું.

૫ તીર્થમાં જઈ અવશ્ય બ્રહ્મચર્યનું પાલન ભાવપૂર્વક કરવું.

૬ તીર્થમાં જઈ કાંદા–બટાકા–અભક્ષ્ય, આઈસક્રીમ, બ્રેડ–બટર વાળી કોઈ પણ ચીજ ન વાપરવી અને અવશ્ય રાત્રિ ભોજનનો ત્યાગ કરવો.

૭ તીર્થમાં જઈ સમયપસાર કરવા પાના રમવા, ક્રિકેટ વગેરે રમતો રમવી, પીકચરનાં ગીતો ગાવાં, સંસારી સંબંધો બાંધવા, (વેવિશાળ, છોકરા–છોકરી જોવાં) વગેરે ન કરવું.

૮ તીર્થ સ્થળોનો ઈતિહાસ, મહિમા, પ્રભાવ જાણવો,દર્શન–વંદન કરવા તથા પૂજા–સેવા–સ્તવના, મધુર ભક્તિ ગીતો ઈત્યાદિમાં સમય વધુ પસાર કરવો.